


# યુગ પરિવર્તનનો આધાર વિચારક્રાંતિ

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર http://awgp.org

# યુગ પરિવર્તનનો આધાર વિચારક્રાંતિ

દેવીઓ અને ભાઈઓ,

માનવી અને સમાજ સમક્ષ રહેલી અગણિત સમસ્યાઓ અને મુશ્કેલીઓનું સમાધાન કરવાની, ધરતી પર સ્વર્ગ લાવવાની તથા સતયુગની પુનઃસ્થાપના કરવાની ભાવના આજે વિશ્વમાનવના અંતરાત્મામાં લહેરાય રહી છે. આ ભાવના સાકાર કઈ રીતે થઈ શકે ? આ પ્રશ્નનો જવાબ ફક્ત એક જ હોઈ શકે અને તે છે - લોકમાનસની વિચારધારા બદલવાથી (લોકોના વિચારપલટાવી), વિચારક્રાંતિ એક એવી પ્રક્રિયા છે કે જેના આધારે લોકોની માન્યતાઓ અને નિષ્ઠામાં પરિવર્તન આણીને તેમનાં કાર્યો તેમજ કાર્યપદ્ધતિને બદલી શકાય છે.

આજના મનુષ્યની વ્યકિતગત અને સામાજિક મુશ્કેલીઓનું મૂળ કારણ તેની નિમ્ન સ્તરની વિચારધારાને આભારી છે. તેના માટે કોઈ શંકાને સ્થાન જ નથી. આપણી અસંયમિતતાએ આપણા સ્વાસ્થ્યને તદ્દન ખોખલું બનાવી દીધું છે. આપણી કંજૂસાઈએ આપણને કૌટુંબિક સ્નેહથી - મિત્રતાથી વંચિત કરી દીધાં છે. અપરાધી મનોવૃત્તિએ દાનવતા તેમજ અશાંતિનું સર્જન કર્યું છે. હીણપતની ભાવનાને કારણે આપણી પ્રગતિ અવરોધાય ગઈ છે. ક્ષુદ્રતાને કારણે આપણે નિમ્ન કક્ષાનું જીવન જીવી રહ્યાં છીએ. આપણા અવિનયે આપણને દુશ્મનાવટ, વિરોધ, અસહકાર અને તિરસ્કારી બનાવ્યા છે. અસમતોલતાને કારણે માનસિક શકિત નાશ પામી છે. માનવીને જે કંઈ દુઃખ, અભાવ કે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તેનું મૂળ કારણ તેના વ્યક્તિત્વની નિમ્નતા છે. જો તેને સુધારવામાં આવે તો દરેક મનુષ્ય સામાન્ય સાધન સંપતિમાં પણ સ્વર્ગીય આનંદ તથા ઉલ્લાસભર્યું જીવન જીવી શકે છે.

લોકો સ્વાસ્થ્ય, શિક્ષણ, ધન-વૈભવ, પદ-પ્રતિષ્ઠા જેવી સંપત્તિઓનું મહત્વ તો જાણે જ છે. પરંતુ વાસ્તવિક સંપત્તિ તો વિચારો છે. અન્ય સંપત્તિઓ તેમજ સફળતાઓ તેને આભારી છે. આ વાત હજુ સુધી તેઓ કેમ સમજી શકયા નથી ,,

આપણે આપણી વિચારધારાનું ખૂબ બારીકાઈથી અવલોકન કરીને તેનો સ્તર તથા દિશા જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ. આપણી વિચારધારામાં જો વાસના, તૃષ્ણા, ક્રોધ, લાલચ, આવેશ, ઈર્ષા, અભિમાન જેવા અવગુણોનું પ્રાધાન્ય હોય તો સમજી લેજો કે આપણે હજુ મુઝવણ ભરેલી પરિસ્થિતિમાં જ જીવવાનું છે. (હજુ એની એ જ પરિસ્થિતિમાં ગોથા ખાવાના છે). પોતાના દોષ-દુર્ગુણોને જાણીને તેને સુધારવાની ભાવના જો મનમાં જાગૃત થાય તો સમજી લેજો કે તમે હવે વિચારોનું મહત્વ સમજતા થયા છો.

મનુષ્યના સૌથી મોટા દુશ્મન તેના કુવિચારો છે અને તેને કારણે જ મનુષ્યનું પતન થાય છે અને તેની પ્રગતિ અવરોધાય છે. તેથી જ દીર્ઘદષ્ટાઓ પોતાની પરિસ્થિતિ સુધારતા પહેલા પોતાના મનોભાવોને નિષ્પક્ષ રીતે સમજે છે અને મન પર કબજો જમાવી બેઠેલા અનિચ્છનીય, અસામાજિક અને અનૈતિક વિચારોને બરોબર પારખે છે. દુશ્મનો અને દુષ્ટો દ્વારા થનારા હુમલાઓ ખાળવા માટે આપણે જેમ હંમેશા સતર્ક રહીએ છીએ તેવી જ રીતે મનોપ્રદેશ (મનોભૂમિમાં) કુવિચારોએ કેવી જડ નાખી છે તે પારખવામાં તેમજ તેને જડમૂળથી ઉખાડી નાખવા માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઇએ.

સૌથી મોટો પુરુષાર્થ આત્મ સંશોધન કરવું તે છે, જેના દ્વારા મનની ચંચળ વૃત્તિઓ અને ખરાબ વિચારો પર કાબૂ મેળવી શકાય છે. બાહ્ય દુશ્મનોનો સામનો કરવો સરળ છે કારણ કે તેઓ જોઇ શકાય છે, પરંતુ આંતરિક શત્રુઓ ન તો દેખાય છે કે ન તેને સમજી શકાય છે. તેથી તેમના તરફ ધ્યાન પણ જતું નથી અને તેમનો સામનો કરવાની જરૂર પણ લાગતી નથી. આ પ્રકારની વૃત્તિને કારણે આંતરિક શત્રુઓ પોતાનો જડો મજબૂત કરતા જાય છે અને ધીમે ધીમે આખી ચિત્તવૃત્તિ પર કબજો જમાવીને મનુષ્યને એકદમ નિમ્ન સ્તરનો બનાવી મૂકે છે.

જેવી રીતે આપણે બીજા લોકોની ટીકા, આલોચના કરીએ છીએ, નિંદા કરીએ છીએ, તેના દોષો જોઇએ છીએ તેવી જ રીતે અરે ! તેના કરતા પણ વધારે કડકાઈથી આપણા પોતાની વિચારભૂમિના ગુણ,કર્મ અને સ્વભાવની પરખ કરવી જોઇએ અને

સ્વભાવની પરખ કરવી જોઇએ અને આ ક્રિયા અમુક ચોકસ સમયગાળા દરમ્યાન અમુક અમુક સમયના અંતરે અચૂક થવી જ જોઇએ. ફક્ત અસત્ય, છળ, નિષ્ઠુરતા, વ્યભિચાર, બેઈમાની જેવા અસામાજિક અપરાધો પર જ નહિ પરંતુ સાથે સાથે આળસ, પ્રમાદ, આવેશ, અસહિષ્ણુતા, કડવા વચન, અસત્યતા, અધીરાઈ, ચિંતા, નિરાશા, કાયરતા વગેરે દુર્ગુણો પર પણ નજર રાખવી જોઇએ અને જેમ ખેડૂત પોતાના સૌથી સારા ખેતરમાં સૌથી સારાં બીજ વાવીને સૌથી સારો પાક મેળવે છે. તેવી રીતે ઉપરોકત દુર્ગુણોને દૂર કરીને સદ્વિચારો અને ઉદ્ભાવનાઓને મનોભૂમિ પર સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

જેમ ચોર પર નજર રાખવાથી તેને ચોરી કરવાની તક જ મળતી નથી અને આપણું નુકશાન થતું બચી જાય છે બરાબર તેવી જ રીતે આપણા દુર્ગુણો તરફ પણ સતર્ક રહીને તેને આક્રમણ કરવાની કોઈ તક જ ન આપવામાં આવે તો ઈંધણ ન મળતા હોલવાય જતી આગની જેમ તે પણ સમાપ્ત થઈ જાય છે. જે વિચારો સતત અભ્યાસમાં આવે અને કાર્યાન્વિત થાય તેની જડ મજબૂત બને છે. કુવિચારોને ઉદ્ભવતા જ જો ડામી દેવામાં આવે અને તેન સ્થાને ઉચ્ચ વિચારોને પ્રધાનતા આપવામાં આવે તો દુષ્ટ વિચારોએ ચોરની જેમ પલાયન થઈ જ જવું પડે છે. જયાં તેમનો પ્રબળ વિરોધ ન થાય ત્યાં આવા આસુરી વિચારો ઉદ્ભવે છે. પોતાનું સ્થાન બનાવી લે છે. પરંતુ આપણી વિચારભુમિમાં જો ઉચ્ચ ચિંતન અને ઉચ્ચ વિચારોને સ્થાન આપવામાં આવે તો આપણા ગુણ, કર્મ, સ્વભાવમાં ભળીને આપણા ઉજ્જ્વળ ભવિષ્ય નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે જ છે.

ઉજ્જ્વળ ભવિષ્ય-નિર્માણ માટે વિચાર નિર્માણમાં મદદરૂપ થનાર સત્સાહિત્યનો ચારિત્ર્યવાન અને ઉચ્ચ કાર્યક્ષેત્રમાં સંકળાયેલા મનુષ્યોનો સત્સંગ પણ ખૂબ ઉપયોગી થઈ પડે છે. આપણે પોતે કરેલી ભૂલો માટે એકાંતમાં કાન પકડવા, ઊઠબેસ કરવી, તમાચા મારવા, મૂર્ગા બનવું તથા શરીરને ઓછું ભોજન આપવું વગેરે શારીરિક દંડ આપી શકાય છે. ગઈકાલે થયેલી ભૂલો આજે ન થાય તે માટે બીજા દિવસે સવારના પહોરમાં જ નિશ્ચય કરી લેવો અને આખો દિવસ આવી ભૂલો ન થાય

તેનું ધ્યાન રાખવામાં આવે તો આ પ્રક્રિયા થોડાક જ દિવસોમાં આપણી વિચારશકિતને પુષ્ટ કરી દેશે. વિવેક, યોગ્યતા, તર્ક, પ્રમાણ વસ્તુસ્થિતિનો નિષ્પક્ષ ભાવે તપાસવાનો ક્રમ જો સદાય ચાલતો રહે તો મનમાં રહેલા ઘણા બધા ભ્રમ આપોઆપ જ દૂર થઈ જાય છે અને વ્યવસ્થિત વિચારધારાને કારણે શાંતિ, સમૃદ્ધિ, પ્રગતિ અને મહાનતાની દિશામાં બહુ ઝડપથી પ્રગતિ થઈ શકે છે.

વિચારક્રાંતિ, જેનો અર્થ છે મનુષ્યની આસ્થાને નિમ્ન સ્તરથી ઉચ્ચતમ સ્તર તરફ ઉર્ધ્વગામી કરવી અને આજના સમયની સૌથી મોટી માગ આ જ છે, જેના માટે વિશ્વમાનવ તડપી રહ્યો છે. યુગનો પોકાર આ જ છે અને આ પ્રક્રિયા દ્વારા જ સંસારનું ઉજ્જ્વળ ભવિષ્ય શકય છે. આટલા મહત્વપૂર્ણ અને જરૂરી હેતુ માટે દરેક બુધ્ધિજીવી મનુષ્યે કંઈક વિચારવું પડશે, કંઈક કરવું પડશે. સાવ શૂન્યમનસ્ક બેસી રહેવાથી તો આપણે આપણા આત્મા સાથે કર્તવ્યપાલન સામે પલાયનવાદી ગણાઈશુ. તેથી ઉદાર અને વિચારશીલ મનુષ્યોને આ પ્રકારના પરમાર્થને, પુણ્યને પોતાના કાર્યોમાં સમાવેશ કરવા માટે વિનંતી કરવામાં આવે છે.

પ્રાચીનકાલના પરમાર્થી મહામાનવો આજે પણ આ કાર્ય કરતા રહ્યા છે. સરેરાશ નાગરિક સ્તરનું જીવન જીવનાર લોકસેવક પોતાની સંપત્તિ કેવી રીતે અને કોને કોને વહેંચે ,, જે વસ્તુ છે જ નહિ તે લાવે ક્યાંથી ? સદાવ્રત ખોલવું, કામળા આપવા, વાવ બનાવડાવવી વગેરે કામ તો સંપત્તિવાન લોકો  પણ કરી શકે છે અને કરે છે પરંતુ બ્રહ્મચેતા તત્વજ્ઞાનીઓ તો રાહ ભૂલેલા ભટકેલાઓને યોગ્ય રાહ બતાવે અને જે ઊઠી નથી શકતા તેઓને ઊંચે ઉઠાવવા માટે પોતાના કૌશલને ઉપયોગ કરે.

મનઃસ્થિતિ બદલાવાથી પરિસ્થિતિઓ પણ અચૂક બદલાય છે. જીવનમાં સફળતા પામનાર અને પરમાર્થને આધારે દેવમાણસ ગણાવનારા લોકોએ પણ પોતપોતાના ક્ષેત્રમાં પોતાના સ્તર મુજબની સૂઝ સમજણ અને કાર્યો કર્યા છે. આ કરવા યોગ્ય છે અને આ નથી. દેવમાનવોની જેમ કેટલાક બુદ્ધિજીવીઓએ પણ કુવિચારોમાંથી સદ્દમાર્ગે વિચારો વાળવાની દિશામાં પોતાની શ્રદ્ધા અને સક્રિયતાનો ઉપયોગ કર્યો છે જે ખરેખર અભિનંદનીય છે.

રસ્તામાં આવતા અવરોધોને દૂર કરીને નવી રાહ બતાડનાર સમુદ્રમાં રહેલ દીવાદાંડીની જેમ યોગ્ય માર્ગદર્શન આપવામાં પોતાનું જીવન વિતાવવું જોઇએ. આ કાર્યને એટલું મહત્વ પૂર્ણ ગણવામાં આવ્યું છે કે આ કાર્ય સાથે સંલગ્ન રહેનાર મનુષ્યને ભૂસુર (પૃથ્વીપતિ), પૃથ્વીના દેવતા જેવા ગણવામાં આવ્યા છે અને તે મુજબની પ્રતિષ્ઠા, મહાનતા તેમને બક્ષવામાં આવી છે.

અત્યારના લોકોમાં મોટાભાગના લોકોના મોટાભાગના વિચારો અને કાર્યો દિશાભ્રમ જેવા રહ્યા છે. તેને બદલીને, સુધારીને, ઉચ્ચ સ્તરના બનાવ્યા વગર છૂટકો નથી. તેના માટે લોકસંપર્ક કરી, ઘેર ઘેર અલખ જગાડી વિચારગોષ્ઠીઓના માધ્યમ દ્વારા તત્કાલીન પરિસ્થિતિઓ તથા તેના સમાધાનો દર્શાવવા આજનું સૌથી મોટું કાર્ય છે. એટલે માટે જ આપણા મિશનમાં પ્રજ્ઞા પરિવારમાં અઠવાડિય સત્સંગો તથા દીપયજ્ઞોનું આયોજન કરવાની એક યોજના બનાવી છે અને ખૂબ ઉત્સાહથી ચલાવી રહ્યા છીએ.

વાણી દ્વારા સત્સંગ પ્રક્રિયા કરવાની સાથે સાથે કલમ દ્વારા જ્ઞાનયજ્ઞ અર્થાત્ સ્વાધ્યાયનાં સાધનો એકત્રિત કરવા પણ એટલાં જ આવશ્યક છે. વાણી અને કલમ, સ્વાધ્યાય અને સત્સંગો સરખા જ મહત્વ ધરાવે છે. જેવી રીતે વીજળીના બે તાર ભેગાં થાય તો જ કરંટ ઉત્પન્ન થાય છે તેવી રીતે વાણી અને કલમ પણ એટલે જ આવશ્યક છે. ગાડીને ચલવવા માટે બે પૈડાં જરૂરી છે પણ સાથે સાથે બંને હળીમળીને ભાર વહન કરવાનું કાર્ય કરતાં રહે તેવી વ્યવસ્થા પણ કરવી પડે છે.

યુગસાહિત્યનું સર્જન કેન્દ્રમાં જે સ્તર પર થઈ રહ્યું છે તે અનુપમ છે. તેમાં ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે વર્તમાન સુધારવાનું કામ પણ થઈ રહ્યું છે. ચારે તરફ યુગ મનીષીના પ્રસાદ અનુદાન સ્તરની માન્યતા આને મળી રહી છે.

'વિચારક્રાતિ અભિયાન' ને અત્યારના સમયની સૌથી સશક્ત મહાક્રાંતિ ગણવી જોઇએ. આ અભિયાનને સતયુગ પાછો લાવવા માટે, નવયુગના ગંગાવતરણ માટેના પ્રચંડ પ્રયત્નના રૂપમાં ગણવો જોઇએ.

યુગધર્મને ઓળખીને ભાવનાશાળી વર્ગને યુગાંતરીત ચેતના સાથે જોડવો જોઇએ. હાલના તબકકે તો અગ્રણીઓ બુધ્ધિજીવીઓના સહિયારા પ્રયત્નોની અત્યંત આવશ્યકતા છે. વિશેષ કરીને જ્યારે આ અવસર સ્વયં પોતાના અનેક અરમાનો લઈને આપણા જ બારણે આવી ઊભો છે, ત્યારે દરેક પ્રાણવાન મનુષ્યે આ ભગીરથ કાર્યમાં પોતાની ભાગીદારી નોંધાવવી જોઇએ, સહયોગ આપવો જોઇએ

## જ્ઞાનયજ્ઞમાં તમે પણ આહુતી આપો

સમસ્ત સંકટોનું એકમાત્ર કારણ છે - માનવીય દુર્બુદ્ધિ. જે ઉપાયથી દુર્બુદ્ધિને દૂર કરી સદ્દબુદ્ધી સ્થપાય, તે જ માનવકલ્યાણનો તથા વિશ્વશાંતિનો સમાધાનકારક માર્ગ છે.

યુગઋષિ પરમપૂજ્ય પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ વર્તમાન યુગની સમસ્યાના સમાધાન માટે હજારો પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકોને જન જનને વંચાવવા તે આજનો યુગધર્મ છે. પુસ્તક સૂચિ નીચેના સરનામે પત્ર લખીને નિ:શુલ્ક મંગાવો.

પ્રાપ્તિસ્થાન : ગાયત્રી જ્ઞાનપીઠ, જૂના વાડજ, અમદાવાદ ટે.નં. ૦૭૯ ૨૭૫૫૭૨૫૨

પ્રકાશન : યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા-૩

ફોન : ૦૫૬૫-૨૫૩૦૧૨૮, ફેકસ : ૦૫૬૫-૨૫૩૦૨૦૦

**E-Mail : yugnirman@awgp.org.**